## જન્મદિને વધામણી



જિજ્ઞેશ પરમાર



વંદના એચ ડોડિયા



સેજલ બી જાદવ



બીનાબા શંકરસિંહ રાણા



જાગૃતિ વ્યાસ
લાયોનેસ ક્લબ



લક્ષ્મી જોષી
લાયોનેસ ક્લબ

# કાશ્મીરના પાંચ જિલ્લામાં ટુજી ઈન્ટરનેટ સર્વિસ શરૂ

**ખીણમાં લેન્ડલાઇન સેવા શરૂ, સ્થિતી સામાન્ય બનવા તરફ : કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ રાજ્યમાં અમલી તમામ અંકુશોને ધીમે ધીમે હળવા કરાયા : પ્રાઇમરી સ્કુલો સોમવારના દિવસે ખોલવા નિર્ણય**

નવીદિલ્હી, તા. ૧૭

જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ સ્થિતીને સામાન્ય બનાવવા માટેના તમામ પ્રયાસો થઈ રહ્યા છે. આના ભાગરૂપે સ્થિતી ઝડપથી સામાન્ય પણ બની રહી છે. જમ્મુમાં તો સ્કુલ અને કોલેજ પહેલાથી જ ખુલી ગયા બાદ હવે મોબાઈલ અને ઈન્ટરનેટ સેવાને ફરી શરૂ કરવામાં આવી ચુકી છે. જમ્મુમાં ટુજી સ્પીડની સાથે નેટ સેવા નેટ સેવા ફરી શરૂ કરવામાં આવી ચુકી છે. કાશ્મીરમાં લેન્ડલાઇન સેવા પહેલાથી જ શરૂ કરવામાં આવી ચુકી છે. રાજ્યના મુખ્ય સચિવ બીઆર સુબ્રમણ્યમે રાજ્યમાં જારી અંકુશોને હળવા કરવાના સંકેતો શુક્રવારના દિવસે જારી કરવામાં આવ્યા હતા. કાશ્મીર ખીણના ૧૭ એક્સચેંજમાં લેન્ડલાઈન સેવા શનિવારના દિવસથી ફરી શરૂ કરવામાં આવી ચુકી છે. અધિકારીઓએ કહ્યુ છે કે ૧૦૦થી વધારે ટેલિફોન એક્સચેંજમાંથી ૧૭ને પુનસ્થાપિત કરી દેવામાં આવી છે. આ એક્સચેંજ મોટા ભાગે સિવિલ લાઈન્સ ક્ષેત્ર, છાવમી ક્ષેત્ર, શ્રીનગર જિલ્લાના વિમાનીમથકની પાસે રહેલા છે. મધ્ય કાશ્મીરમાં બડગામ, સોનમર્ગ અને મનિગમમાં લેન્ડલાઈન સેવા ફરી શરૂ કરવામાં આવી ચુકી છે. ઉત્તર કાશ્મીરના ગુરેજ, તંગમાર્ગ, ઉરી કેરન કરનાહ અને તંગધાર વિસ્તારમાં સેવા ફરી શરૂ કરવામાં આવી ચુકી છે. બીજી બાજુ દક્ષિણ કાશ્મીરમાં કાજીગુન્દ અને પહેલગામ વિસ્તારમાં પણ સેવા ફરી શરૂ કરવામાં આવી ચુકી છે. કેન્દ્ર સરકારના જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ કેટલાક વિસ્તારોમાં હજુ પણ તંગ સ્થિતી બનેલી છે. આ કલમ નાબુદ કરવામાં આવ્યા બાદ પાંચ ઓગષ્ટથી અહીં મોબાઈલ અને ફોન તેમજ લેન્ડલાઈન સહિતની ટેલિફોન સેવા સ્થગિત કરવામાં આવી હતી. પ્રદાન સચિવે આજે સવારે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે સોમવારના દિવસે ખીણમાં પ્રાઈમરી સ્કુલો ખુલી જશે. જો કે સિનિયર ક્લાસીસના સ્કુલો થોડાક મોડેથી ખુલી શકે છે. કાશ્મીર તો સ્થિતી બિલકુલ સામાન્ય બની ચુકી છે. વાહનોની અવરજવર પણ સામાન્ય બની ચુકી છે. કાશ્મીર ખીણમાં ૯૬ પૈકી ૧૭ ટેલિફોન એક્સચેંજ ચાલુ કરી દેવામાં આવ્યા છે. આવતીકાલ સુધી અન્ય એક્સચેંજ પણ શરૂ કરી દેવામાં આવનાર છે. આ ઉપરાંત ૩૬ પોલીસ સ્ટેશન ક્ષેત્રોમાં લાગુ સંચારબંધીને હળવી કરી દેવામાં આવી છે. તપાસ સંસ્થાઓના અધિકારી સ્થિતી પર ચાંપતી નજર રાખી રહ્યા છે. જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ લાગુ કરવામાં આવેલા અંકુશ હવે ધીમે ધીમે હળવા કરવામાં આવી રહ્યા છે. અંકુશોને દુર કરતી વેળા તમામ કાળજી રાખવામાં આવી રહી છે. કલમ ૩૭૦ નાબુદ કરવામા આવ્યા બાદ સ્થિતી તંગ બનેલી હતી. જે વિસ્તારમાં હિંસાની દહેશત રહેલી છે ત્યાં અંકુશ હજુ પણ લાગુ છે. કાશ્મીરમાં સાવચેતીના પગલારૂપે પાંચ જિલ્લામાં હજુ પણ અંકુશ લાગુ રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત સીઆરપીએફ, જમ્મુ કાશ્મીર પોલીસ અને સેનાના જવાનોને સંવેદનશીલ વિસ્તારમાં તૈનાત કરવામાં આવ્યા છે. ગઈકાલે મોડી રાતે પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યુ હતુ કે કાશ્મીર ખીણમાં શનિવારના દિવસથી ટેલિકોમ સેવાઓ ફરી સ્થાપિત કરવામાં આવી રહી છે. સાથે સાથે સ્કુલ કાશ્મીર ખીણમાં સોમવારના દિવસથી સ્કુલ અને કોલેજ પણ ફરી ખોલી દેવામાં આવનાર છે. તેમણે શનિવારે આજે સવારે મળેલી માહિતી મુજબ જમ્મુ કાશ્મીરના ઉધમપુર,રિયાસી, કઠુઆ, સાંબા



કહ્યુ હતુ કે પ્રદેશમાં ૨૨માંથી ૧૨ જિલ્લામાં હાલત કફોડી બનેલી છે. આ ઉપરાંત પાંચ જિલ્લામાં સાવચેતીના પગલારૂપે આંશિક પ્રતિબંધ લાગુ કરવામાં આવેલા છે. અને જમ્મુ શહેરમાં ટુજી ઈન્ટરનેટ સેવા શરૂ કરવામાં આવી ચુકી છે.આની સાથે સાથે આ વિસ્તારમાં કોઈ પણ પ્રકારના પ્રતિબંધ પણ લાગુ કરવામાં આવ્યા નથી.

# ભારત-ભૂટાન વચ્ચે જુદા જુદા ક્ષેત્રમાં એમઓયુ પર હસ્તાક્ષર

**ભૂટાન જેવા પડોસી દેશની ઈચ્છા તમામને છે : મોદી : ભૂટાન પહોંચ્યા બાદ ભવ્ય સ્વાગત : એરપોર્ટ ઉપર ગાર્ડ ઓફ ઓનર : માર્ગો પર પરંપરાગત ધ્વજની સાથે સ્વાગત**

નવી દિલ્હી,તા.૧૭

બે દિવસની ભૂટાન યાત્રાએ પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ભૂટાનના વડાપ્રધાન સાથે વિસ્તાર પૂર્વક સફળ વાતચીત યોજી હતી. ભૂટાનના વડાપ્રધાન લોટે શેરિંગ સાથે વાતચીત દરમિયાન જુદા જુદા વિષય ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ભૂટાન પહોંચેલા મોદીએ કહ્યું હતું કે, આવા પડોશીની ઈચ્છા કોણ રાખશે નહીં જ્યાં વિકાસ આંકડાઓથી નહીં બલકે હેપીનેસથી આકવામાં આવે છે. નવી દિલ્હી અને થિંપુની વચ્ચે હાઈડ્રો પાવર અને શિક્ષણ સહિત અનેક ક્ષેત્રોમાં એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં



આવ્યા હતા. ભૂટાનના વડાપ્રધાને કહ્યું હતું કે, આજે તેઓ આ બાબતને લઈને ગર્વ અનુભવ કરી રહ્યા છે કે, બંને દેશો મિત્રતાની વાસ્તવિક પરિભાષા પર યોગ્ય રીતે આગળ વધી રહ્યા છે. મોદીના ભારતને પાંચ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવાના ટાર્ગેટના સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે, અમારા હાઈડ્રો પાવર ભારતને આ સપનાને પૂર્ણ કરવામાં મદદ કરશે. મોદી અને શેરિંગે સિમતોખા જોન્ગમાં ભારતના નેશનલ નોલેજ નેટવર્ક અને ભૂટાનના ડુક રિસર્ચ એન્ડ ફાઉન્ડેશન નેટવર્કની વચ્ચે ઈન્ટર કનેક્શનનું સંયુક્ત રીતે ઉદઘાટન કર્યુ હતું. બંને નેતાઓએ સંયુક્ત રીતે પત્રકાર પરિષદમાં પણ વાત કરી હતી. શેરિંગે કહ્યું હતું કે, ભારત અને ભૂટાન ભલે કદની દ્રષ્ટિએ અલગ અલગ છે.

# દેશમાં પ્રજનન દરમાં ઘટાડો થઈ રહ્યો છે : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસે ઐતિહાસિક લાલ કિલ્લા પરથી વાત કર્યા બાદ ભારતમાં વસ્તી વિસ્ફોટને લઈને એક નવી ચર્ચા નવેસરથી છેડાઈ ગઈ છે. મોદીએ વસ્તી વિસ્ફોટની સમસ્યાને ઉઠાવીને નાના પરિવાર ધરાવતા લોકોની પ્રશંસા કરી હતી. મોદીએ કહ્યુ હતુ કે વસ્તી વિસ્ફોટ આવનાર પેઢી માટે સમસ્યા ઉભી કરે છે. એમ માનવામાં આવી રહ્યુ છે કે ભારત આવનાર સમયમાં દુનિયામાં સૌથી વધારે વસ્તી ધરાવતા ચીનને પાછળ છોડી દેશે. અલબત્ત સંયુક્ત રાષ્ટ્રનુ માનવુ છે કે ભારતની જનસંખ્યા વૃદ્ધિ સ્થિર છે. ભવિષ્યમમાં દેશની વસ્તીની ગતિ ઘટવા લાગી જશે. દુનિયાભરમાં પ્રજજન દર ૨.૧ને રિપ્લેસમેન્ટ રેટ તરીકે ગણવામાં આવે છે. આનો અર્થ એ થયો કે વસ્તીને સ્થિર રાખવા માટે સરેરાશ એક મહિલા ૨.૧ બાળકને જન્મ આપશે. જ્યારે ભારતની વાત કરવામાં આવે તો પ્રજજન દરમાં ઉલ્લેખનીય રીતે ઘટાડો થઈ રહ્યો છે. ભારતમાં હાલમાં દર ૨.૨ ટકાની આસપાસ છે. આગળના દશકમાં તેના બે ટકા કરતા પણ ઓછા રહેવાની શક્યતા છે. આગામી થોડાક વર્ષોમાં ભારતની વસ્તી ચીન કરતા આગળ નિકળી શકે છે. વર્ષ ૨૦૬૦માં ૧.૬૫ અબજ વસ્તીની સાથે ભારતની વસ્તી પીક પર રહેશે. યુએનના અંદાજ મુજબ બારતની વસ્તીની ગતિ ત્યારબાદ ઘટવા લાગી જશે. જ્યારે આફ્રિકામાં વસ્તીની ગતિ વધી જશે. વર્ષ ૨૦૬૦ના દશકમાં ત્રણ અબજના આંકડા સુધી વસ્તી પહોંચી જશે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં ૧૧ રાજ્યો એવા છે જ્યાં પ્રજજન દર ૨.૧ કરતા ઓછો છે. વર્ષ ૨૦૩૦ સુધી તમામ રાજ્યોમાં રિપ્લેસમેન્ટથી ફર્ટિલીટી રેટ ઓછો રહેશે. હાલના સર્વે મુજબ આનો અંદાજ મુકવામાં આવ્યો છે. ધાર્મિક આધાર પર આંકડા પર નજર કરવામાં આવે તો તમામ ધર્મમાં પ્રજજન દર ઘટી રહ્યો છે. ભારતના ખુશાલ ગણાતા જૈન ધર્મમાં પ્રજજન દર સૌથી ઓછો રહેલો છે. તમામ આંકડાને ધ્યાનમાં લેવામાં આવે તો હિન્દુમાં પ્રજજન દર ૧૭.૮ ટકાની આસપાસ ઘટ્યો છે. મુસ્લિમમાં આ દર ૨૨.૯ ટકાની ઘટ્યો છે. તમામ જુદા જુદા સર્વેમાં આ બાબત ઉભરીને સપાટી પર આવી છે.

## ચિલોડાના તળાવમાંથી રેસ્ક્યુ કરી મોરને બચાવી લેવાયુ

જિલ્લાના મુખ્ય પ્રવેશ દ્વાર સમા ચિલોડા જંકશન મથકના ગામ પ્રવેશદ્વારે આવેલુ વિશાળ છવાયેલુ તળાવમાં હાલમાં બિન ઉપયોગી લીલી વનસ્પતિ અને વેલથી હરિયાળુ ઝેરી જીવજંતુ ધરાવતુ દુર્ગંધ પાણીથી ભરેલા પાણીમાં અચાનક રાષ્ટ્રીય પક્ષી મોર પડ્યો હોવાની જાણ ચિલોડા ગ્રામ પંચાયતને થતા તુરત જ ગ્રામ પંચાયતના અગણમી દિનેશભાઈ પટેલ, સદસ્ય નટુભાઈ પટેલ, તલાટી કમ મંત્રી રાજુભાઈ ચૌધરી, બોર ઓપરેટર અરજણજી ઠાકોર, મેલાજી ઠાકોર, ધર્મેન્દ્રજી ઠાકોરની ટીમ ઘટના સ્થળે પહોંચી મોરને બચાવવા રેસ્ક્યુ ઓપરેશનની કામગીરી આરંભી મોરને બચાવી લેવાયું હતું.

# નર્મદામાં હવે વાઈફાઈ અને રિવર રાફટીંગ સુવિધા રહેશે

ગાંધીનગર, તા.૧૭

પ્રવાસીઓને આકર્ષિત કરવા માટે વધુ સુવિધાઓ ઉમેરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે હવે ગુજરાતના પ્રવાસીઓ રિવર રાફ્ટિંગનો રોમાંચ માણવા માટે રાજ્ય બહાર જતા હોય છે. પરંતુ ગુજરાતના રિવર રાફ્ટિંગના શોખીનો માટે સારા સમાચાર છે. રાજ્ય સરકાર દ્વારા નર્મદા નદી ખાતે રિવર રાફ્ટિંગની સુવિધાનો પ્રારંભ કરાવ્યો છે. રાજયમાં પહેલીવાર આ પ્રકારની સુવિધા શરૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે શનિવારે આ સુવિધાનો પ્રારંભ કરાવ્યો હતો. જેનો લાભ પ્રવાસીઓને ૧લી સપ્ટેમ્બરથી મળશે. રિવર રાફ્ટિંગ ૫ કિ.મી. વિસ્તારમાં હશે. જે ગોડબોલે ગેટથી સૂર્યકૂંડ સુધી હશે. સાથે સાથે રિવર રાફટીંગ ઉપરાંત પ્રવાસીઓ માટે વાઈફાઈની સુવિધા પણ વિનામૂલ્યે ઉપલબ્ધ બનાવવામાં આવશે. આ સુવિધાનો પ્રારંભ કરાવતી વખતે રૂપાણીએ પ્રવાસીઓ આગામી દિવાળી કેવડિયામાં ઉજવે અને પ્રકૃતિ તથા સાહસિક પ્રવાસનનો આનંદ માણે તેવો અનુરોધ કર્યો હતો. આ સુવિધા મોટી સંખ્યામાં પ્રવાસીઓને આકર્ષશે. આ સુવિધાનો પ્રારંભ નર્મદા નદીના કાંઠે આવેલા ખલવાણી ગામેથી કરવામાં આવ્યો છે. રિવર રાફ્ટિંગ ૫ કિ.મી. વિસ્તારમાં હશે. જે ગોડબોલે ગેટથી સૂર્યકૂંડ સુધી હશે. રૂપાણીએ જણાવ્યું હતું કે, આ સુવિધાનો વિકાસ ઉત્તરાખંડના નિષ્ણાતોની મદદથી કરવામાં આવ્યો છે. આ સ્થળે બારેમાસ ૬૦૦ ક્યુસેક્સ જેટલો જળ પ્રવાહ રહે છે, એટલે યુવાનો રેપીડ અને એક્સાઈટિંગ રાફટિંગની મઝા માણી શકશે અને સાહસિકતાના પાઠો શીખશે. નદીના વળાંકોને લીધે રાફટિંગ આનંદપ્રદ બની રહેશે. આ જગ્યા જંગલોથી ઘેરાયેલી હોવાથી પ્રકૃતિ શિક્ષણનું કેન્દ્ર બનશે.

## રાજકોટ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ ગાંધીનગર જીઆઈડીસીની મુલાકાતે

ગાંધીનગરના સેક્ટર-૨૫માં આવેલ જીઆઈડીસીના ઈલેક્ટ્રોનીક ઝોનની શનિવારના રોજ રાજકોટના વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. સર્વોદય સેકન્ડરી સ્કૂલના સીબીએસસીના વિદ્યાર્થીઓ ઈલેક્ટ્રોનીક ઝોનમાં સર્કીટ્રોનીક્સ ઈન્ડસ્ટ્રીઝ પ્લોટ નં. બી-૬૫ની મુલાકાત દરમ્યાન ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનોમાં મુખ્ય ભાગ ભજવતી પીસીબીના ઉત્પાદનની માહિતી મેળવી હતી. સર્કીટોનીકલના માલિક જગદીશભાઈ નમેશે વિદ્યાર્થીઓને આવકારી પ્રાથમિક માહિતી પૂરી પાડીને ઉત્પાદીત થતી પીસીબીની મશીનરી અને પ્રક્રિયાની પ્લાન્ટમાં જાત માહિતી અપાવી હતી.

# હજુ, ઓગષ્ટના અંતમાં ફરી રાજ્યભરમાં વરસાદ પડશે

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતના ઘણા વિસ્તારોમાં સારો વરસાદ વરસ્યા બાદ હવે ઓગષ્ટના અંતમાં પુનઃ વરસાદના ઉજળા સંકેતો છે.

ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે હાલમાં રાજ્યમાં વરસાદ વરસી ગયા પછી કેટલાક ભાગોમાં ઉઘાડ નિકળ્યો છે. ત્યારે વરસાદ અંગે જોઈએ તો હાલમાં સૂર્ય મઘા નક્ષત્રમાં હોતા ઘણી વખત મઘા નક્ષત્રમાં ઉઘાડ પણ રહેતો હોય છે. જે ઉભા કૃષિ પાક માટે તેમજ વાવેતર કરવામાં આવતા પાક માટે સારો ગણાય છે. મઘા નક્ષત્રનું પાણી કૃષિ પાક માટે સારૂ ગણાય છે. મઘા નક્ષત્રમાં માખીઓનો ઉપદ્રવ વધતો હોય છે. ભૌગોલિક બાબતો તેમજ અન્ય આધારે જોઈએ તો મઘા નક્ષત્રમાં પણ વરસાદના યોગ છે. ઓગષ્ટ તા. ૨૩ થી ૩૦માં બંગાળના ઉપસાગરનું વહન રાજ્યમાં વરસાદ કે વરસાદી ઝાપટાં વરસાવી શકે. તા. ૨૪, ૨૫ દક્ષિણ ગુજરાત સૌરાષ્ટ્રના ભાગ તેમજ ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં પણ વરસાદી ઝાપટાં પડે. તા. ૨૬થી ૩૦માં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત તેમજ ગુજરાતના અન્ય ભાગ, સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગોમાં વરસાદ કે વરસાદી ઝાપટાં પડી શકે. આ વરસાદ ઉભા કૃષિ પાક માટે સારો રહે.

# એક દાતા ૯ વ્યક્તિઓનું જીવન બચાવી શકે છે

અમદાવાદ, તા. ૧૭

જીવન ઈશ્વરની અમૂલ્ય ભેટ છે. આસરે ૧.૩ અબજની વસતિ સાથે ભારત દુનિયામાં મેનપાવર ધરાવતો દુનિયાનો બીજો સૌથી મોટો દેશ છે. જોકે આપણાં દેશમાં દર વર્ષે અંગ પ્રત્યારોપણ માટે અંગો ન મળવાથી ૫,૦૦,૦૦૦થી વધારે લોકો મૃત્યુ પામે છે.

લિવર, કિડની, હૃદય વગેરે જેવા મહત્વપૂર્ણ અંગો કામ કરતાં બંધ થઈ જતાં વ્યક્તિ ક્રમશઃ મૃત્યુનાં મુખમાં ધકેલાઈ શકે છે. જો કોઈ દર્દીનું અંગ પ્રત્યારોપણ સમયસર થઈ જાય, તો એના મૃત્યુને ટાળી શકાશે. સ્પેન અને અમેરિકા જેવા વિકસિત દેશોમાં એમની વસતિમાં અનુક્રમે ૪૬.૯૦ ટકા અને ૩૧.૯૬ ટકા લોકો અંગદાતાઓ છે. એની સરખામણીમાં ભારતમાં વિશાળ વસતિ હોવા છતાં અંગદાનનો દર દુનિયામાં સૌથી ઓછો છે એટલે કે આપણે ત્યાં અંગદાન ઈચ્છતા દર ૧૦ લાખ લોકોમાં અંગદાનનો દર ૦.૮ છે.

જ્યારે ભારતમાં અંગદાનની વાત કરવામાં આવે ત્યારે આપણે ત્યાં અંગોની જરૂરિયાત અને ઉપલબ્ધતા વચ્ચે મોટો ફરક છે. ભારતમાં લગભગ ૧.૫ લાખ લોકોને કિડનીની જરૂર છે, પણ ૩,૦૦૦ને મળે છે. ભારતમાં દર વર્ષે લિવર ટ્રાન્સપ્લાન્ટની જરૂરિયાત ૨૫,૦૦૦ દર્દીઓને છે, પણ ફક્ત ૮૦૦ દર્દીઓનું ટ્રાન્સપ્લાન્ટ થાય છે. અંગોની ઉણપ હોવાના કારણે અંગ પ્રત્યારોપણ માટે અંગદાનની રાહ જોતાં ૯૦ ટકા લોકો મૃત્યુ પામે છે.

ભારતમાં શા માટે અંગદાનની ખેંચ છે ? લોકોને અંગદાતા બનતા અટકાવતાં મુખ્ય બે અવરોધો છે - એક, આ અંગે ઓછી જાગૃતિ અને બે, અંગદાન સાથે સંકળાયેલા ભ્રમ કે ખોટી ધારણાઓ.

આ ચક્રને તોડવા માટે અપોલો હોસ્પિટલ્સ અને વિમેન્સ ડૉક્ટર્સ વિંગ ઓફ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (ડબલ્યુડીડબલ્યુ-આઈએમએ)એ સમાજમાં અંગદાન વિશે જાગૃતિ લાવવા જોડાણ કર્યું છે. અપોલો હોસ્પિટલ્સ અને વિમેન્સ ડૉક્ટર્સ વિંગ સંયુક્તપણે શહેર/રાજ્યમાં ૧૫ સંસ્થાઓ સુધી પહોંચીને અંગદાન માટેની અપીલ કરી છે અને આ અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો છે.

# ગુજરાતમાં વરસાદી માહોલ અકબંધ

**કેશોદ, ડભોઈ, વિરમગામમાં ભારે વરસાદ પડ્યો : જુનાગઢ, વડોદરાના જુદા જુદા ભાગોમાં વરસાદી માહોલ રહ્યો : મધ્યમથી ભારે વરસાદ માટેની કરાયેલી આગાહી**

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતમાં વરસાદી માહોલ અકબંધ રહ્યો છે. રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. સૌરાષ્ટ્રના કેટલાક ભાગો અને રાજ્યના અનેક ભાગોમાં આજે વરસાદી માહોલ અકબંધ રહ્યો હતો. સૌરાષ્ટ્રના ઘણા જિલ્લાઓમાં વરસાદ થતા જનજીવન પર અસર થઈ હતી. જુનાગઢ પંથકમાં જુદા જુદા વિસ્તારોમાં ઉલ્લેખનીયવરસાદ થયો હતો. કેશોદમાં ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા સાથે સાથે વેપારી પેઢીઓ અને ઓફિસોમાં પાકી હાજરી જોવા મળી હતી. બીજી બાજુ વડોદરામાં ફરીવાર વરસાદી માહોલ જામ્યો છે. ડભોઈમાં ભારે વરસાદની સ્થિતી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. બજારોમાં પણ પાણી પાણી જોવા મળ્યા હતા. આ ઉપરાંત વિરમગામમાં પણ શહેર અને ગામ્ય વિસ્તારોમાં વરસાદી માહોલ અકબંધ રહ્યો હતો. નર્મદા ડેમની સપાટીમાં વધારો થયો છે. ઉપરવાસમાં વરસાદના કારણે નર્મદા ડેમમાં પાણીની સપાટીએ ૧૩૨.૪૧ મીટર સુધી પહોંચી ગઈ છે. ગુજરાતમાં હજુ સુધી સરેરાશથી વધારે એટલે કે ૮૬.૪૫ ટકા થઈ ચુક્યો છે. અહીંના ૩૪ જળાશયોના ૭૦ થી ૧૦૦ ટકા સુધી પાણીનો સંગ્રહ છે. રાજ્યમાં શુક્રવાર સુધી ૨૭ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. ત્યારબાદ પણ વરસાદી માહોલ અકબંધ રહ્યો છે. પ્રદેશમાં કુલ ૨૦૪ જળાશયો છલકાઈ ગયા છે. રાજ્યના વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, સૌથી વધારે પાણીની આવક વાળા જળશયમાં સરદાર સરોવરમાં ૧૦૨૪૧૦ ક્યુસેક પાણીનો સંગ્રહ થયો છે. સરદાર સરોવર જળાશયમાં ૭૯.૦૧ ટકા પાણી સંગ્રહ થયું છે. કચ્છ, દક્ષિણ ગુજરાતમાં સારો વરસાદ થયો છે.

## અંધારપટ્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવો પડે છે. શહેરમાં વિજબીલની બચત સાથે એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ અમલી બનાવાયો છે. જયારે એલ ઈ ડી લાઈટના સફેદ અજવાળાની સાથે સેકટરોમાં લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો પણ હલ થશે તેમ મનાઈ રહ્યુ હતુ પરંતુ છેલ્લા બે વર્ષથી સ્ટ્રીટ લાઈટોની ફરિયાદનુ કોઈ કાયમી નિવારણ આવતુ નથી. સ્માર્ટ સીટીમાં શહેરનો સમાવેશ થયા બાદ સ્માર્ટ પોલ મુકવામાં આવ્યા છે જયારે સ્માર્ટ પોલની સાપેક્ષમાં સેકટરોમાં અજવાળુ પાથરતી સ્ટ્રીટ લાઈટોનુ ઠેકાણુ પડતુ નથી. સેકટરોમાં પણ વરસાદના હળવા ઝાપટામાં બંધ ન થાય તેવા લાઈટીંગ પોલ મુકાય તેવી માંગ ઉઠવા પામી છે. એલ ઈ ડી લાઈટના પ્રોજેકટની જાળવણીની જવાબદારી સંભાળતી એજન્સી પણ ઝડપથી ફરિયાદનો નિકાલ થાય તે માટે યોગ્ય પગલા લેવામાં નિરસતા સેવી રહી હોવાનો આક્રોશ પણ ઉઠવા પામ્યો છે.

## ગોળીબાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખાને એમ કહીને ઉશ્કેરીજનક કુત્ય કરવાના પ્રયાસ કર્યા છે કે, ભારતીય સેના પોકમાં મોટો હુમલો કરવાની તૈયારીમાં છે. આ હુમલો બાલાકોટ એર સ્ટ્રાઈક કરતા પણ વધારે ઘાતક રહેશે. ભારતીય સેનાએ પણ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો છે. જોકે સામ-સામે આ ગોળીબારમાં ભારતના એક જવાન શહીદ થયા છે. શનિવારે સવારે અંદાજે ૬.૩૦ વાગ્યાથી પાકિસ્તાન તરફથી નૌશેરા સેક્ટરમાં આવેલી સેનાની ચોકીને ટાર્ગેટ કરવામાં આવી રહી છે. નોંધનીય છે કે, પાકિસ્તાન આતંકીઓને ઘૂસણખોરી કરાવવા માટે સતત સીમા પર ફાયરિંગ કરી રહ્યું છે. ગુરુવારે સવારે સાત વાગે પણ જ્યારે સમગ્ર દેશ સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી રહ્યો હતો ત્યારે પણ પાકિસ્તાને અચાનક સેનાની ચોકીઓને ટાર્ગેટ કરીને ગોળીબાર કર્યો હતો.

જિલ્લામાં મેંઢર સબ ડિવીઝનની કૃષ્ણા ખીણ સેક્ટરમાં યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરીને સીમા પર આવેલા ગામડાઓમાં ગોળીબાર કર્યો હતો. તેનાથી ગ્રામીણો વચ્ચે હોબાળો થઈ ગયો હતો.સેનાએ મોર્ચો સંભાળીને પાકિસ્તાનની હરકત પર જવાબ આપવાની શરૂઆત કરી હતી. આ દરમિયાન પીઓકેના બટ્ટલમાં પાકિસ્તાની સેનાના અંદાજે એક ડઝનથી વધારે જવાનોના મોત થયા હતા.

## મોરપીંછના રંગ

● ચોથા પાનાનું ચાલુ

આથમવું પણ પડે છે. બસ સાહિત્યમાં શિખરે બેઠેલા સર્જકો આથમવાનું ભૂલી જાય છે. ખરેખર તો સાહિત્યમાં નાના મોટાના, નવા જુનાના કે નામી નવોદિતના ભેદ જેવું કંઈ છે જ નહીં. આ તો ઊભો કરેલો ભ્રમ છે. કોઈ કવિ કે સર્જક મહાન નથી, જે મહાન છે તે માત્ર અને માત્ર ''શબ્દ'' મહાન છે. આપણે જેને સન્માન આપીએ છીએ તે તેમના શબ્દને આપીએ છીએ. તેથી શબ્દની, ભાષાની મહાનતાને આપણે પોતાની સમજી લઈએ છીએ. જો સાચા મનથી, શબ્દની સાધના કરવામાં આવશે, અર્થના અનેક રહસ્યો સુધી પહોંચી શકાશે તો આપણો ય શબ્દ સદીઓ સુધી જીવશે. આપણને પ્રતિષ્ઠા, સન્માન અપાવશે. કેમ કે શબ્દ શાશ્વત છે વ્યક્તિ નહીં.

આ સોશિયલ મીડિયાનો યુગ છે. નવા પરિવર્તનો, નવા વાદો, નવા સ્વરૂપો, નવા કલ્પનો અને નવા સાહસોનો જલદીથી સ્વીકાર કરવો જ પડશે, સાહિત્યને શિક્ષણ સાથે નહીં, સંવેદના સાથે લેવા દેવા છે. આ સાહિત્યોત્સવ નવી સંવેદનાનું ઘડતર હતો, નવા શબ્દોનું ઘડતર હતો, અહીંથી ઘણાના મનમાં નવી નવી વિભાવનાઓ જન્મી હશે. આ નવા સર્જકો ( જેમણે હજી લખવાનું શરું કરેલું છે એવા ) માટે આ નવસંસ્કારનો મહાજ્ઞાનયજ્ઞ હતો. અને મને શ્રદ્ધા છે કે જુનાગઢની પાવન ધરામાંથી કેટલાંયને સાચા અને સારા સર્જક બનવાની પ્રેરણા અને નવી દિશા તો મળી હશે જ.

- 9426060601.india@gmail.com